C R M A NO.120/2026

C R M A NO.120/2026

**–:: એપેલન્ટ/આરોપીની લીમીટેશન એકટની કલમ–૫ મુજબ**

**વીલંબ માફની અરજી લગત હુકમ :–**

સદર કામે હાલની અરજી એપેલન્ટ/આરોપીએ ખંભાતના મહે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દ્વારા ક્રિમનીલ કેસ નં.૧૨૦/૨૦૨૫ ના કામે આંક–૧૬ થી જે હુકમ કરેલ છે, તે હુકમ સામે અપીલ દાખલ કરવા માટે જે વીલંબ થયેલ છે તે વીલંફ માફ કરવા માટે અરજ કરેલ છે. વધુમાં જણાવે છે કે અરજદાર/આરોપી કાયદાના અજ્ઞાન વ્યકતિ હોય તેમજ સજાની અમલવારી સામે નોનબેલેબલ વોરંટ ઈશ્યુ કરવામા આવેલ અને અરજદારને પોલીસ પકડીને નામ.કોર્ટે સજાની અમલવારી માટે તા.૨૫/૦૫/૨૦૨૬ નારોજ કસ્ટડીમા લીધેલા અને અરજદારને કસ્ટડીમા લીધેલા. જેની જાણ થતા અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે અને તે વિલંબ તેઓએ જાણીબુજીને કરેલ નથી. જે તમામ કારણો ધ્યાને રાખી હાલની અરજી મંજુર કરી અપીલ દાખલ કરવા અરજ ગુજારેલ છે.

આમ રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા એપેલન્ટ/આરોપીને નામદાર કોર્ટના ક્રિમનીલ કેસ નં.૧૨૦/૨૦૨૫ ના કામે આંક– ૧૬ થી જે હુકમ થયેલ છે, તે હુકમ સામે અપીલ દાખલ કરવામાં વીલંબ થયેલ હોવાનું જણાય આવે છે પરંતુ સાથે સાથે એ હકીકત પણ ધ્યાને લેવામાં આવે છે કે એપેલન્ટ/આરોપી કાયદાના અજ્ઞાન માણસ હોય તેમજ સજાની અમલવારી સામે નોનબેલેબલ વોરંટ ઈશ્યુ કરવામા આવેલ અને અરજદારને પોલીસ પકડીને નામ.કોર્ટે સજાની અમલવારી માટે તા.૨૫/૦૫/૨૦૨૬ નારોજ કસ્ટડીમા લીધેલા અને અરજદારને કસ્ટડીમા લીધેલા. જેની જાણ થતા અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવામાં તેમને વિલંબ થયેલ હોવાનું જણાય આવે છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા હાલની વીલંબ

CRMA NO.120/2026

માફની અરજી ખર્ચ સાથે મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાય આવતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) એપેલન્ટ/આરોપીની લીમીટેશન એકટની કલમ-૫ મુજબ વીલંબ માફની અરજી આથી "**મંજુર**" કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ/આરોપીએ સદર હુકમ થયાના દિન-૨ માં તાલુકા કાનુની સેવા સત્તા મંડળ, ખંભાત ખાતે રૂા.૧૫૦૦/- (અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા) ભર્યેથી અપીલ દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૩૦, માહે-મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૩૦/૦૫/૨૦૨૬
સ્થળ-ખંભાત.

(એસ.આઇ.ભોરાણીયા)
IC એડીશનલ ડિસ્ટ્રીકટ જજ ,આણંદ.
Code No .GJ -00606